# સે-૧ ૨ પેવર બ્લોકના કામ બાદ કચરો ઉઠાવવા કર્મચારીઓની આડોડાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકા દ્વારા રહેણાંક વિસ્તારમાં પેવર બ્લોક નાંખવાનું કામ ચાલી રહ્યું છે. પેવર બ્લોકના કામ બાદ માટી, રેતી, પથરા સહિતનો કચરો ત્યાં જ નાંખીને એજન્સીના કર્મચારીઓ જતા રહે છે. પેવર બ્લોકના કચરાથી આસપાસના રહીશોને પણ અગવડતાનો સામનો કરવો પડે છે. કચરો લેવા માટે ટ્રેકટર લઈને આવીને કચરો ઉપાડી જઈએ છીએ તેવું કહ્યા બાદ કોઈ દેખાતું જ નથી. કચરાને પગલે સમગ્ર સોસાયટીના માર્ગ પરથી પસાર થવુ હોય તો પણ સો વાર વિચાર કરવો પડે તેવી સ્થિતિ નિર્માણ પામે છે. આ કામગીરીને પગલે સેકટર-૧ ૨ બીના રહીશોમાં રોષ જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેરના રહેણાંક વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને શહેર ડસ્ટ ળી બને તેવા ઉમદા હેતુ થી શહેરના મનપા વિસ્તારમાં તંત્ર દ્વારા જનભાગીદારીથી પેવર બ્લોકનું કામ ચાલી રહ્યું છે. તંત્ર દ્વારા કરવામાં આવેલ સુંદર પહેલમાં શહેરના નાગરીકો સહમત થઈને પોતાના રહેણાંક મકાનમાં પેવર બ્લોકનું કામ કરાવે છે. પેવર બ્લોકનું કામ સોસાયટીમાં પુરજોશમાં શરુ કરી દેવામાં આવે છે. પેવર બ્લોકનું કામ માટે ખોદકામ કરતા હોવાથી કચરો મોટાપાયે નીકળે છે. જેમાં માટી, રેતી, પેવર બ્લોકના ટુકડા, પથ્થર સહિતના કચરાનો સમાવેશ થાય છે. બ્લોકનું કામ પુરુ થયા બાદ માંડ એક ટ્રેકટર લઈને જે તે કર્મચારીઓ આવે છે અને માત્ર એક જ ટ્રેકટર કચરો ઉપાડી લઈ જાય છે ત્યારબાદ સોસાયટીમાં દેખાતા નથી. સોસાયટીના રહીશો દ્વારા કોન્ટ્રાકટરને કહેવામાં આવતા એકબીજાને ખો આપે છે. જયારે કચરો ઉપાડી જશે હવે બીજીવાર નહી કહેવું પડે તેવા શબ્દોથી વસાહતીઓ ટેવાઈ ગયા છે. કામ પૂર્ણ થયાને અઠવાડીયાનો સમય વિતી ગયો હોવા છતા કોઈ ના આવતા કેટલીક સોસાયટીમાં રહીશોએ જાતે કચરો ઉપાડીને દુર કચરા પેટીમાં ફેંકી આવ્યા છે. ત્યારે કચરો ઉઠાવાની ઢીલી નિતીની કામગીરીને લઈ રહીશોમાં રોષ જોવા મળ્યો છે. જયારે સોસાયટીમાં કચરાને પગલે વાહન લઈને પણ કોઈ વ્યકિત પસાર થઈ ન શકે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.



# પાટીદાર સ્વાભિમાન યાત્રા અટકાવવા પોલીસે જિલ્લાની બે બોર્ડર સિલ કરી

ગાંધીનગર, તા.૨૧

વિજાપુરથી આજે પાટીદાર સ્વાભિમાન યાત્રા તંત્રની મંજુરી ન હોવા છતા નિકાળવામાં આવી હતી. મહેસાણા પોલીસે ત્યાથી જ પાટીદારોને ડીટેઈન કરવાનુ શરુ કરી દીધુ હતુ પરંતુ પાટીદારો લોદરા રાત્રિ રોકાણ કરીને વહેલી સવારે ગાંધીનગર પહોંચી જાય તેવો પ્લાન ઘડાયો હોવાના ઈનપુટ આધારે ગાંધીનગર પોલીસે મહેસાણા અને ગાંધીનગર જીલ્લાને જોડતી બે બોર્ડર સિલ કરી દીધી છે.

**૩૨ પાટીદારોને ડીટેઇન કરીને પેથાપુર અને માણસા પોલીસ સ્ટેશન લઇ જવાયા સવાર સુધી ચાંપતો પોલીસ બંદોબસ્ત**

પાટીદાર સ્વાભિમાન યાત્રાને તંત્રએ મંજુરી ન આપી હોવા છતા વિજાપુરથી આજે યાત્રા નિકાળી હતી. ત્યા પોલીસે પાટીદારોને ડીટેઈન કરતા પાટીદારોએ ગાંધીનગર જીલ્લાનાં માણસા તાલુકાનાં લોદરા ગામે રાત્રિ રોકાણ કરી તંત્રને ખ્યાલ ન આવે તે રીતે ગાંધીનગર કુચ કરી યાત્રા સફળ બનાવવાનો પ્લાન કર્યો હતો. આ પ્લાન પોલીસ સુધી પહોંચી જતા ગાંધીનગર પોલીસે મહુડી અને પિલવઈ ગામ પાસેની જીલ્લા બોર્ડર સિલ કરી સઘન વાહન ચેકિંગ શરુ કરી દીધુ છે. ગાંધીનગર જીલ્લામાં પ્રવેશતા તમામ વાહનો રોકીને વાહનચાલકનુ ચેકિંગ કરીને પ્રવેશ અપાઈ રહ્યો છે. ગાંધીનગરનાં પાટીદાર કાર્યકરોની અટકાયતોનો દોર પણ પોલીસે શરુ કરી દીધો છે. આજે પોલીસે ૩૨ પાટીદારોને ડીટેઈન કરીને માણસા અને પેથાપુર પોલીસ સ્ટેશનમાં મુકી દીધા છે. આવતી કાલે ગુરુવારે સવાર સુધી બંને બોર્ડર પર સઘન ચેકિંગ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત રહેશે. યાત્રા સફળ ન થાય તે માટેનાં પુરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તો બીજી તરફ યાત્રા સફળ બનાવવા પાટીદારો પણ મક્કમ હોય તેમ લાગી રહ્યુ છે.

# સેક્ટર-૩માં સાંજ ઢળતા જ શેરીઓમાં અંધારપટ્ટ : મહીલાઓમાં ભયની લાગણી

ગાંધીનગર, તા. ૨૧

વરસાદી દિવસોના અંતે સેક્ટરોમાં અંધારપટ્ટીની સમસ્યાએ ભરડો લીધો છે. સાંજ ઢળતા જ સેક્ટરોના પ્રવેશદ્વાર તેમજ આંતરિક માર્ગો પર અંધારૂ છવાઈ જાય છે. સે. ૩માં પ્રવેશવાના માર્ગ તેમજ રીંગરોડ પર સ્ટ્રીટલાઈટના ૧૯ થાંભલા બંધ હાલતમાં છે. નવરાત્રિ મહોત્સવ નજીકમાં છે. આવા સંજોગોમાં સેકટરોમાં બંધ સ્ટ્રીટલાઈટો ચાલુ કરવા ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**સેક્ટરના પ્રવેશદ્વાર તેમજ રીંગરોડ આસપાસ ૧૯ જેટલા થાંભલા બંધ હાલતમાં**

છેલ્લા ત્રણ મહીનાથી શહેરમાં સ્ટ્રીટલાઈટોની સેવા જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જુના અને નવા સેક્ટરોમાં નજર નાંખો ત્યાં સ્ટ્રીટલાઈટો ડૂલ છે. સાંજ ઢળતા જ માર્ગો પર અંધારૂ છવાઈ જાય છે. આમ નાગરિકો અવરજવર કરવામાં પણ ભયની લાગણી અનુભવે છે.

તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં સ્ટ્રીટલાઈટની સમસ્યાનો અંત આવતો નથી. સે. ૩માં પ્રવેશદ્વાર તેમજ રીંગરોડ પર ૧૯ જેટલા થાંભલાઓ બંધ હાલતમાં છે. રાત્રિના સમયે ઘનઘોર અંધારપટ્ટ વચ્ચે મહીલાઓએ અવરજવર કરવાનુ પણ મુશ્કેલ બન્યું છે. બીજીતરફ નવરાત્રિ નજીકમાં છે. સેક્ટરોની શેરીઓમાં મા જગદંબાની પૂજા આરાધના આ ઉત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સેક્ટરોમાંથી અંધારૂ ઉલેચવા ત્વરિત પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# છાલામાં વિજ કરંટ લાગતા શ્રમિકનું મૃત્યુ

## બોરકુવેથી વહેલી સવારે ચાલતા જઈ રહ્યો હતો ત્યારે જીવંત વિજ તારને અડકી જતા ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક સ્થિત છાલા ગામમાં એક ખેતરમાં બોરકુવે મજુરી કામ કરતા ૩૨ વર્ષિય યુવાનનુ આજે વહેલી સવારે વિજ કરંટ લાગતા કરુણ મૃત્યુ નિપજ્યુ હતુ. સવારે શ્રમિક કુદરતી હાજતે જવા નિકળેલો ત્યારે જીવંત ખુલ્લા વિજ વાયરને અડકી જતા તેનુ કરંટ લાગતા મૃત્યુ થયુ હતુ. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા છાલા ગામની સિમમાં આવેલા એક ખેતરનાં માલીક બેચરભાઈ ગેબાભાઈ ચૌધરીએ સવારે ચિલોડા પોલીસને જાણ કરી બોલાવી હતી કે તેમના ખેતરમાં કામ કરતો શ્રમિક દિનેશ સોમાભાઈ મસારી (ઉ.વ.૩૨) મૃત હાલતમાં ખેતરમાં પડ્યો છે. ચિલોડા પોલીસ મથકનાં જમાદાર ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોંચી ગયા હતા. તપાસ કરતા જાણવા મળ્યુ કે દિનેશભાઈ મસારી સવારે છ વાગ્યાનાં અરસામાં ખેતરની કેડીએથી ચાલતા ચાલતા કુદરતી હાજતે જવા નિકળ્યો હતો અને યુ.જી.વી.સી.એલ ના ખુલ્લા જીવંત વાયરને અડકી જતા કરંટ લાગ્યો હતો. કરંટ લાગવાથી દિનેશનુ પ્રાણ પંખેરુ ઉડી જવા પામ્યુ હતુ. પોલીસે મૃતદેહ પી.એમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# શહેરના એબીવીપીના કાર્યકરો દ્વારા નવાઝ શરીફના પુતળાનું દહન કરાયું

ગાંધીનગર, તા.૨૧

તાજેતરમાં ઉરીમાં ભારતીય સેનાના જવાનોના કેમ્પ પર આંતકવાદીઓએ કરેલા હુમલામાં ૧૮ જવાનો શહીદ થયા છે. તેમ છતા પાકિસ્તાન પોતાની હરકતો બંધ કરી રહ્યું નથી તેથી ભારત પર તીવ્ર દબાણ વધી રહ્યું છે અને તેની પાસે વિકલ્પો ખુટી રહ્યા છે. ઉરીમાં ત્રાસવાદી હુમલાને પગલે દેશમાં આક્રોશ ફેલાયો છે. સમગ્ર દેશના નાગરીકો તેમજ વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા ભીષણ હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી રહી છે ત્યારે બીજીતરફ પાકિસ્તાન અને તેના વડાપ્રધાનના પુતળાનું દહન પણ કરીને વિરોધ દર્શાવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરના સેકટર-૧૫ ખાતે આવેલ સરકારી વિનયન કોલેજ ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગરના કાર્યકરો દ્વારા વિર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણનો રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ વિર શહીદોને શ્રધ્ધાંજિલ પાઠવી બે મિનિટનું મૌન પાળ્યું હતું. જયારે એબીવીપીના વિદ્યાર્થીઓ દ્વારા પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફનું પુતળા દહન કરીને વિરોધ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં એબીવીપીના મિતરાજસિંહ જાડેજા, સુરેશ મારવાડી, રૂષીકેશ માંડલીયા, જયદીપ સહિતના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો.







ગાંધીનગર તાલુકાના ગલુદણ ગામે તાલુકાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો આરંભ થયો છે. આ પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહ વેળાએ લેવાયેલ તસવીરમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા ડાયટના આચાર્ય આઈ.વી. પટેલ, નાયબ જિલ્લા પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમાર અને અન્ય મહેમાનો નજરે પડે છે.

# અરવિંદ કેજરીવાલની રેલીને પરવાનગી ન મળતા હાઈકોર્ટમાં રીટ

ગાંધીનગર, તા. ૨૧

૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષી આમ આદમી પાર્ટી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સૌ પ્રથમ સભા સુરતના વરાછા વિસ્તારમાં ૧૬ ઓક્ટોબરના રોજ કરવા માંગે છે ત્યારે પાર્ટી દ્વારા ૧૯ ઓગષ્ટના રોજ કાર્યક્રમની પોલીસ પરમીશનની એપ્લીકેશન કરવામાં આવી હતી. ત્યાર બાદ કોઈ પણ જવાબ ના મળતા બે વખત રીમાઈન્ડર એપ્લીકેશન પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ પણ પરમીશન ના મળતા આમ આદમી પાર્ટીના આગેવાનો રાજ્યપાલને મળ્યા હતા અને રાજ્ય સરકારને પોતાની ફરજ પુરી પાડવાનો નિર્દેશ કરે તેવી વિનંતી કરી હતી. છેલ્લે સભાની પરમીશન ના આપવા માટેનું કોઈ કારણ ના મળતા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ટ્રાફિકની સમસ્યાના કારણે પરમીશન આપી શકાય એમ નથી. નોંધનીય છે કે સુરતમાં જાહેર માર્ગ ઉપર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બે સભા કરી ચુક્યા છે. ભાજપના સ્મૃતિ ઈરાની થોડા સમય આગળ જાહેર માર્ગ ઉપર સભા કરી ચુક્યા છે. વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા થોડા સમય અગાઉ જનતા દરબાર કરી ચુક્યા છે તો માત્ર અરવિંદ કેજરીવાલની સભામાં વાંધો શું છે ? કારણ માત્ર એટલું જ છે કે ભાજપ પોતાની રાજકીય જમીન રાજ્યમાં ગુમાવી ચુકી છે અને આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલની લોકચાહના દિવસે અને દિવસે રાજ્યમાં વધતી જાય છે અને ભાજપને ૨૦૧૭માં પોતાના રાજકીય અસ્તિત્વ પર ખતરો દેખાઈ રહ્યો છે.

પ્રસાશનના આ પ્રકારના બિનલોકતાંત્રિક વલણથી કંટાળી આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા ૧૬ ઓક્ટોબરના રોજ અરવિંદ કેજરીવાલની સુરતની સભાની મંજુરી માટે ગુજરાત હાઈકોર્ટમાં સંવિધાનના આર્ટીકલ ૨૨૬ મુજબ રીટ પીટીશન કરવામાં આવી છે.

# સેકટર-૧૭ નવરાત્રિ મહોત્સવ સમિતિના પ્રમુખ પદે સંદિપભાઈ રાવલની વરણી

સેકટર-૧૭ નવરાત્રિ મહોત્સવ સમિતિની તાજેતરમાં મળેલ બેઠકમાં સમિતિના પ્રમુખ તરીકે શ્રી સંદિપઘાઈ કે. રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. દર વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ સેકટર-૧૭ના શોપીંગ સેન્ટર ખાતે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના સુચારું આયોજન અર્થે તાજેતરમાં મળેલ બેઠકમાં ઉપપ્રમુખ પદે દિપકભાઈ પરમાર, નેહલભાઈ પરમાર, રાજદીપસિંહ રાઠોડ, કુલદિપસિંહ વાઘેલા, સુનિલભાઈ દેસાઈ (ભોપો)ની નિમણુંક કરવામાં આવી છે. મંત્રી તરીકે નિરવસિંહ રાણા, ભરતભાઈ ગોસ્વામી અને પ્રદિપસિંહ (જવાલા), મહામંત્રી તરીકે શાંતિલાલ દેસાઈ, રણછોડભાઈ દેસાઈ, ટીનાભાઈ બારોટ, જયંતિભાઈ બારોટ, બાબુભાઈ દશાડીયા તથા ખજાનચી તરીકે મહેન્દ્રસિંહ બિહોલા, રસિકભાઈ પારેખ, જયંતિભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, રમેશભાઈ પરમાર, ચેતનસિંહ જાદવની નિમણુંક કરવામાં આવી હતી. સંગઠન મંત્રી તરીકે પોખરાજભાઈ મિસ્ત્રી તથા જયંતિભાઈ (શહેનશાહ), સલાહકાર સિમિતમાં ડાં. ઠેકડીસાહેબ, રોહિતભાઈ નાયાણી, હસમુખભાઈ દરજીની સુર્વાનુમતે વરણી કરવામાં આવી છે. કારોબારી સમિતિમાં વિશાલભાઈ ઠક્કર, સંજયભાઈ ઠક્કર, બળવંતભાઈ ડામોર, જીગ્નેશભાઈ દેસાઈ અને વ્યવસ્થાપક સમિતિમાં કૌશલ પરમાર, રાહુલ ઠાકોર નિમણુંક કરવામાં આવી છે.

# સે-૫/બીમાં ફોર્સથી પાણી ન આવતા રહીશો રોષે ભરાયા

## સેકટરમાં પાણીની તોતિંગ ટાકીનું નિર્માણ કરાયા બાદ પણ સમસ્યા : રસોડા સુધી પાણી આવતું જ નથી

ગાંધીનગર, તા.૨૧

શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ઉનાળાની આકરી ગરમી સિવાયના દિવસોમાં પણ સેકટરોમાં પાણી પુરતા દબાણથી ન આવતા રહીશોમાં રોષ પ્રવર્ત્યો છે. સે-૫-બીમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો પ્રશ્ન પેચીદો બન્યો છે. રહીશોના ઘરોમાં રસોડા સુધી પાણી ન આવતું હોવાની બૂમ ઉઠવા પામી છે. સેકટરમાં જ કરોડોના ખર્ચે પાણીની તોતિંગ ટાકીનું નિર્માણ કરાયું છે પરંતુ ઘર આંગણે જ પાણી ફોર્સથી ન મળતું હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

શહેરમાં છેલ્લા બે મહીનાથી સમયાંતરે પાણીની પોકાર ઉઠવા પામે છે. થોડા સમય અગાઉ સતત એક મહીના સુધી ડહોળા પાણીની સમસ્યાથી સેકટરવાસીઓ તોબા પોકારી ગયા હતા. ડહોળા પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા પાણીનો ફોર્સ ઘટાડી દેવાતા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતું હોવાની બૂમ ઉઠવા પામી હતી. જૂના સેકટરોમાં પણ પાણીની ખેંચનો પ્રશ્ન ઉઠતો રહે છે. સે-૨૪ અને ૨૬માં પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા નવા બોર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી તરફ સે-૫-બીમાં ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદો આમ નાગરિકોમાં રોષનું કારણ બની છે. પાંચ સાત વર્ષ અગાઉ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સમગ્ર શહેરમાં કોમન સપ્લાય શરૂ કરવામાં આવ્યો હતો જયારે આ દરમિયાન સે-૫માં પાણીની તોતિંગ ટાંકીનું પણ નિર્માણ કરાયું હતું. હાલ સે-૫માં પાણીની સમસ્યા પેચીદી બની રહી છે. સે-૫-બીના રહીશો દ્વારા આ મામલે વિભાગના કાર્યપાલક ઈજનેરને પણ રજુઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ વર્ષના અંતે પણ સેકટરમાં રસોડા સુધી પાણી પહોંચતું નથી જયારે છેલ્લા ઘણા સમયથી ફોર્સથી પાણી આવતુંનથી. સ્થાનિક રહીશો દ્વારા સેકટરમાં ઘરે ઘરે રસોડા સુધી પાણી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.

# રણાસણ ચોકડીથી દારૂનો જથ્થો ભરેલી સેન્ટ્રો પકડાઈ

ગાંધીનગર નજીક ચિલોડા થી રણાસણ રોડ તરફ દારુનો જથ્થો ભરેલી સેન્ટ્રો કાર પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે વોચ ગોઠવીને ગાડીને પકડી પડી હતી. પોલીસને જોઈને ડ્રાઈવર ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો જ્યારે તેની બાજુમાં બેઠેલો શખ્સ પોલીસનાં હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરીને ૮૪ બોટલ વિદેશી દારુ ભરેલી ગાડી મળીને કુલ રુ. ૨.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઉંડી તપાસ શરુ કરી છે. ડભોડા પી.એસ.આઈ એન.એમ.ચૌધરી તથા તેમની ટીમે બાતમીને આધારે રણાસણ ચોકડી પાસે દારુની હેરાફેરી કરતી સેન્ટ્રો ગાડી પકડવા વોચ ગોઠવી હતી. બાતમી વાળી ગાડી નં જીજે ૧ એચ એ ૬૩૬૨ ચિલોડા થઈને રણાસણ તરફનાં માર્ગે થઈ ચોકડીએ પહોંચી હતી. પોલીસે આડસ ગોઠવીને ગાડી ઉભી રખાવતા ડ્રાઈવર રાજુ માનારામ ચૌધરી (રહે. રાજસ્થાન)ગાડી મુકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. બાજુમાં બેઠેલો અમદાવાદ વટવા વિસ્તારનો શખ્સ ચાંપરાજ સોમા કાઠી પકડાઈ ગયો હતો. ગાડીમાં તપાસ કરતા તેમાથી રુ.૩૨,૪૦૦ની કિંમતની ૮૪ નંગ વિદેશી દારુની બોટલ મળી આવી હતી.

# શહેરની મેડીકલ કોલેજમાં પાંચમા વર્ષના પ્રથમ સત્રાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત મેડીકલ કોલેજમાં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. શરૂ થઈ ગયું છે. કોલેજમાં પાંચમી બેંચ ૧૫૦ સીટની સામે ૧૩૩ બેઠકો સાથે શરૂ થઈ છે. ત્યારે આગામી દિવસોમાં બાકી રહેલી ૧૭ સીટ મેનેજમેન્ટ ક્વોટાથી ભરવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજ છેલ્લા ચાર વર્ષથી શરૂ થઈ છે. જેથી પાંચમી બેંચ તાજેતરમાં શરૂ થઈ ગઈ છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૫૦ વિદ્યાર્થીઓની સીટ છે. જેમાં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. માટે છેલ્લા એક મહિનાથી પ્રવેશ પ્રક્રિયા ચાલતી હતી. જેના અંતે રાજ્યની ૭ મેડિકલ કોલેજોમાં પણ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર મેડીકલ કોલેજની વાત કરીએ તો ૧૫૦ બેઠકો પૈકી મેરીટના આધારે ૧૨૭ બેઠકો ભરવામાં આવી છે. જ્યારે એનઆરઆઈ ક્વોટની ૬ બેઠકો પણ સાથોસાથ ભરાઈ છે. તો બાકી રહેલી ૧૭ બેઠકો માટે મેનેજમેન્ટ ક્વોટાનો નિર્ણય પેન્ડીંગ હોવાને પગલે ભરાઈ નથી. જે આગામી દિવસોમાં ભરવામાં આવનાર છે. હાલ ૧૩૩ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસક્રમ શરૂ થઈ ગયો છે. કોલેજ મેનેજમેન્ટ તાજેતરમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે ખાસ બેઠક યોજી હતી. જેમાં રેગીંગ જેવા દુષણો અંગે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતગાર કર્યા હતા.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**

**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**

**જાહેર નિવિદા નં.૭/૨૦૧૬-૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ.વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતા રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | કામ નં. ૧ | તા. ૧/૧૦/૨૦૧૬ સમય : ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | કામ નં.૧ | તા ૭/૧૦/૨૦૧૬ સમય : ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | કામ નં. ૧ | તા. ૩/૧૦/૨૦૧૬ સમય : ૧૨.૩૦ કલાક |
| ૧. | બીડીંગ ડોક્યુમેન્ટ ફોર પ્રોક્યુરમેન્ટ ગુડ્સ (બા એન.સી.બી.) એટ ગાંધીનગર | |

માહિતી/૧૫૭૯/૧૬-૧૭

**સુધારો**

બાળ વિકાસ યોજના અધિકારીશ્રી આઈ.સી.ડી.એસ. શાખા, ઘટક-૧, ગાંધીનગર દ્વારા તા. ૭/૯/૨૦૧૬ના રોજ ગાંધીનગર દૈનિક સમાચાર પત્રકમાં આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતીની જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે, જેમાં મહાનગર પાલિકા વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર જે વૉર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતા ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે, સ્થાનિક સિવાયની અરજી દફતરે કરવામાં આવશે.

માહિતી/૧૫૮૪/૧૬-૧૭